

(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે ઈદે મિલાદના પર્વ નિમિત્તે ભવ્ય જુલુસ નીકળ્યું હતું. ઈસ્લામ ધર્મના સ્થાપક મહાન હઝરત મોહમ્મદ પયગમ્બર સાહેબના જન્મ દિન ઈદે મિલાદના દિવસે મુખ્ય મથક હિંમતનગર સહિત ઈડર, મોડાસા અને પ્રાંતિજમાં ભવ્ય જુલુસ નીકળ્યા હતા. ઈદે મિલાદના પર્વ નિમિત્તે જિલ્લામાં વસતા મુસ્લિમ બિરાદરોએ રોશની કરી મસ્જીદોમાં વાયઝ અને મિલાદના ભવ્ય કાર્યક્રમો યોજયા હતા. જિલ્લાભરમાં ઈદે મિલાદનું પર્વ આનંદ અને ઉલ્લાસ સાથે મનાવવામાં આવ્યું હતું.

# શરખંડી ગામે ખેડૂતનો ગડદાપાટુનો માર મારી હત્યા

## સાત ઈસમોએ ભેગા મળી લાકડી અને ગડદાપાટુનો માર માર્યો હતો

ધનસુરા, તા.૧૫

ધનસુરા તાલુકાના શરખંડી ગામમાં ગત રોજ એક ખેડૂતને પડોશીના ૭ ઈસમોએ ગડદા પાટુનો માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડતા ૪૫ વર્ષીય ખેડૂતનું મોત નિપજયું હતું. આ મામલે ધનસુરા પોલીસે ૭ ઈસમો સામે ફરિયાદ નોંધી તેમને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ધનસુરા તાલુકામાં શરખંડી ગામ આવેલું છે. જયાં ૪૫ વર્ષીય ભલાભાઈ કુબેરભાઈ પગી તેમની પત્ની બાલુબેન અને ચાર સંતાનો સાથે રહે છે. અને ખેત મજૂરી કરી પોતાનું ગુજરાન ચલાવતા હતા. દરમિયાન ગતરોજ ભલાભાઈ પગનો પોતાની પત્ની સાથે ઝઘડો થયો હતો અને બાજુમાં રહેતા પડોશીના ત્રણ શખ્સોએ અચાનક જ ભલાભાઈના ઘરમાં ઘુસી 'તું અમને ગાળો કેમ બોલે છે' તેમ કહી જોરદાર ગડદાપાટુનો માર માર્યો હતો બાદમાં અન્ય ચાર શખ્સો પણ આવી ગયા હતા અને તમામ સાત શખ્સોએ ભેગા મળી ફરી ભલાભાઈને લાકડા વડે માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. બાદમાં પરિવારજનો ઘાયલ ભલાભાઈને ૧૦૮ મારફતે સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે લઈ ગયા હતા જયાં તેમનું કરુણ મોત નિપજયું હતું. આ મામલે ધનસુરા પોલીસે સાત ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી તેમની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.



(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

# ૧૭મીએ ઈડર ખાતે મહાકેમ્પ યોજાશે

## ગરીબી રેખાથી નીચે જીવતા જરૂરીયાતમંદ લોકોનું સ્થળ પર નિદાન કરવામાં આવશે : આ મહાકેમ્પમાં ૭ હજારથી વધુ લાભાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું

સાબરકાંઠા, તા.૧૫

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં યોજાનાર પ્રજાસત્તાક પર્વની ઉજવણીના ભાગરૂપે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તા. ૧૭ જાન્યુઆરીના રોજ સર પ્રતાપ હાઈસ્કુલના મેદાનમાં એપોલો ત્રણ રસ્તા ઈડર ખાતે આરોગ્ય મહાકેમ્પ યોજાશે. જેમાં ગરીબી રેખાથી નીચે જીવતા જરૂરીયાતમંદ લોકોને સ્થળ પર સારવાર આપવામાં આવશે એમ કલેકટરશ્રી બંછાનિધિ પાનીએ યોજાયેલ એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

આ બેઠકમાં કલેકટરશ્રી બંછાનિધિ પાનીએ જણાવ્યું હતું કે જિલ્લામાં વસતા ગરીબી રેખા હેઠળ જીવતા કુટુંબોને મુખ્યમંત્રીશ્રી અમૃતમ યોજના હેઠળ તેમના કુટુંબના સભ્યોની તબીબી ચકાસણી નિદાન અને સારવાર વિના મુલ્યે આપવામાં આવશે.

આ મેગા કેમ્પ દરમિયાન કીડની, કેન્સર, હૃદયરોગ, દાઝેલાની સારવાર, નવજાત શિશુ સારવાર, પોલીટ્રોમા અને ન્યુરો સર્જરી જેવા સ્પેશીયાલીસ્ટની રૂપિયા બે લાખ સુધીની મેડીકલેમ સાથેની નિદાન અને સારવાર આ કેમ્પમાં પ્રાથમિક તબક્કે ઉભી કરવામાં આવનાર છે. આ મેગા કેમ્પમાં સિવિલ હોસ્પિટલ અમદાવાદના કેન્સર નિષ્ણાતો, સાલ હોસ્પિટલના નિષ્ણાતો, એચ.સી.જી. મેડીસર્જના નિષ્ણાતો, આત્મવલ્લભ હોસ્પિટલના નિષ્ણાતો, ઈડરના નિષ્ણાતો જેવા કે કાર્ડીયોલોજીસ્ટ, પ્લાસ્ટીક સર્જન, ન્યુરો સર્જન કેન્સર નિષ્ણાત વગેરે ઉપસ્થિત રહેનાર છે.

વધુમાં ઉપરોકત કેમ્પમાં પોલીયો ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા સાબરકાંઠાના તમામ લોકો માટે કપાયેલા હોઠ, તાળવામાં કાણુ, વાંકી ચુકી કરોડરજ્જુ, પગના પંજાની જન્મજાત ખોડ ખાંપણ તથા જન્મજાત અન્ય ખોડખાંપણ ધરાવતા દર્દીઓનું પ્રાથમિક નિદાન કરી સારવાર આપવામાં આવનાર છે. આ ઉપરાંત સીવીલ હોસ્પિટલ, હિંમતનગરની નિષ્ણાત ટીમ દ્વારા વિકલાંગતા પ્રમાણપત્ર આપવામાં આવનાર છે. તેમજ નેત્ર યજ્ઞ કેમ્પમાં આંખની તપાસ કરવામાં આવશે. ગરીબી રેખા હેઠળ જીવતા પરિવારને માં યોજનાના કાર્ડ ઈશ્યુ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે જિલ્લા આરોગ્ય વિભાગના ઓનલાઈન રજીસ્ટ્રેશનથી કુલ ૭૦૦૦ લાભાર્થીઓ કેમ્પમાં લાભ લેનાર છે. આ માટે દર્દીઓને મહત્તમ લાભ મળે તે માટે સબ સેન્ટર દીઠ એક વાહનની વ્યવસ્થા કરવામાં આવી છે.

આ કેમ્પમાં બ્લડ ડોનેશન કેમ્પ રાખવામાં આવેલ છે. જેમાં ૧૮ થી ૬૦ વર્ષની તંદુરસ્ત વ્યકિતઓ દ્વારા અંદાજે ૫૦૦ બોટલ બ્લડ યુનિટ એકત્ર કરવામાં આવશે. આ ઉપરાંત પણ જનરલ ચેકઅપનું આયોજન થયેલ છે. કેમ્પના સ્થળે સોનોગ્રાફી મશીન, ટુડી ઈકો, એકસરે મશીન લેબોરેટરીમાં લોહી અને પેશાબની તપાસ તેમજ કેન્સર હોસ્પિટલ દ્વારા સંજીવની રથ રાખવામાં આવનાર છે તેમ કલેકટરશ્રી બંછાનિધિ પાનીએ ઉમેર્યું હતું.

આ પત્રકાર પરિષદમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી નાગરાજન, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. મનીષ ફેન્સી, સિવિલ સર્જનશ્રી ડૉ. ઉપેરીયા સહિત પત્રકારમિત્રો ઉપસ્થિત રહ્યા હતાં.




(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)



ખેડબ્રહ્માનું આકાશ રંગબેરંગી પતંગોથી છવાયું : પતંગ રસિકોએ ઉંધીયા-જલેબીની જયાફત ઉડાવી

ખેડબ્રહ્મા તાલુકામાં મકરસંક્રાંતિ પર્વની ઉલ્લાસભેર અને દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી. વહેલી સવારથી જ સૌ કોઈએ અગાશી ઉપર ચઢીને પતંગોના પેચની મજા માણી હતી. દરેક ધાબા ઉપર સાઉન્ડ સીસ્ટમોના સંગીત વચ્ચે ઉંધીયું-જલેબી અને તલસાંકળીની જયાફત જામી હતી. મકરસંક્રાંતિના શુભ દિવસે બોર-શેરડી-તલ-વસ્ત્રી-ધન ધાન્યનાં દાન કરી લોકોએ ધન્યતા અનુભવી હતી. ખેડબ્રહ્માનું સમગ્ર આકાશ રંગબેરંગી પતંગથી છવાઈ ગયું હતું. (તસવીર : રમેશ વૈષ્ણવ)

## મેઘરજના ડામોર ઢુંઢા ગામે શંકાસ્પદ હાલતમાં યુવાનનો મૃતદેહ મળતા ચકચાર

મોડાસા, તા. ૧૫

મેઘરજ તાલુકાના ડામોરઢુંઢા ગામમાં ચાર દિવસ પહેલા ગુમ થયેલા યુવકનો મૃતદેહ ઘરેથી એક કિ.મી. દૂર એક ખેતરમાંની વાડમાંથી મળી આવતા તેની હત્યા થઈ છે. તેથી શંકાના આધારે ગામલોકોએ ભારે હોબાળો કર્યો હતો. આ મામલે મેઘરજ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## પ્રાંતિજમાં ઈદ-એ મિલાદ નિમિત્તે જુલુસ

પ્રાંતિજમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ઈસ્લામ ધર્મના મહાન પયંગમ્બર હઝરત મોહમદ સાહેબના જન્મદિન ઈદ એ મિલાદની ઉત્સાહ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોને ચોકલેટ અને ઠંડા પીણાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઈસ્લામ ધર્મના મહાન પયંગમ્બર હઝરત મોહમંદ સાહેબના જન્મદિન ઈદ એ મિલાદ પર્વને લઈ પ્રાંતિજમાં મુસ્લિમ સમાજ દ્વારા ભવ્ય જુલુસ નીકાળવામાં આવ્યું હતું. જે જુલુસ શહેરના અનેક વિસ્તારોમાં ફરી પરત નિયત સ્થાને આવ્યું હતું. આ જુલુસમાં એ.એ. ડોડીયા, પ્રાંતિજ પી.આઈ. ભરતભાઈ પટેલ, અગ્રણી સતિષભાઈ પંડયા, નિત્યાનંદભાઈ વગેરેએ હાજર રહી મુસ્લિમ બિરાદરોને ઈદ-એ-મિલાદ પર્વની શુભેચ્છાઓ આપી હતી. જુલુસમાં હિન્દુ મુસ્લિમના પાંચ હજારથી વધુ બિરાદરો જોડાયા હતાં.

# ડીસા માર્કેટયાર્ડ દ્વારા ઉતરાણ નિમિત્તે લાડુ-ધાબળાનું વિતરણ કરાયું

ડીસા, તા. ૧૫

ડીસા માર્કેટયાર્ડ દ્વારા મંગળવારે ઉતરાયણ પર્વ નિમિત્તે શહેરમાં તલના લાડુંનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે પોલીસ સાથે ફરજ બજાવતા હોમગાર્ડઝ્ જવાનોને પણ ફરજ દરમ્યાન ઠંડી સામે રક્ષણ મળી રહે તે માટે ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ રબારી તેમજ બી.કે.ન્યૂઝ દૈનિકના તંત્ર તપન જયસ્વાલના હસ્તે ધાબળા આપવામાં આવ્યા હતા.

ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ,ડીસા સમગ્ર ઉત્તર ગુજરાતમાં વેપાર ક્ષેત્રે નામના ધરાવે છે ત્યારે ડીસા માર્કેટયાર્ડના યુવાન અને ઉત્સાહી ચેરમેન માવજીભાઈ રબારી માર્કેટયાર્ડના વેપારીઓ, મજુરો તેમજ ખેડૂતોના પડતર પ્રશ્નોનો ઝડપથી નિકાલ લાવવામાં આવે છે. ત્યારે ડીસા માર્કેટયાર્ડ દ્વારા પ્રથમ વખત માર્કેટયાર્ડમાં મજુરી કરતા મજુરો માટે શિયાળાની ઠંડીમાં ગરમ ધાબળા વિતરણ કરવામાં આવ્યા હતા જેમાં ડીસા, ભીલડી તેમજ લાખણી માર્કેટયાર્ડના મજુરોને આવરી લેવામાં આવ્યા છે. આ ઉપરાંત ઉતરાયણ પર્વ નિમિત્તે ડીસા શહેરમાં પણ તલના લાડુંનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે પોલીસ સાથે ખભેખભા મિલાવી રાત દિવસ ફરજ બજાવતા અને માનદ સેવાના દેશને વરેલા હોમાગાર્ડઝ્ના તાલુકા યુવિટ,ડીસાના જવાનોને મંગળવારે માર્કેટયાર્ડ ખાતે ચેરમેન માવજીભાઈ રબારી, બી.કે.ન્યૂઝ દૈનિકના તંત્ર તપન જયસ્વાલ, પૂર્વ ડીરેક્ટર દિનેશભાઈ ત્રિવેદી, પાંચાભાઈ દેસાઈ તેમજ હોમગાર્ડઝ્ તાલુકા યુનિટ ડીસાના ઓફીસર કમાન્ડીંગ અમૃતભાઈ એફ.આલના હસ્તે હોમગાર્ડઝ્ જવાનોને ધાબળા વિતરણ કરવામાં આવ્યા હતા. હોમગાર્ડઝ્ના જવાનોએ ચેરમેન માવજીભાઈ રબારીની કામગીરીને બિરદાવી શુભેચ્છાઓ પાઠવેલ હતી.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)





(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસામાં મંગળવારના રોજ શાંતિનો સંદેશ આપતા હઝરત મહંમદ પયંગમ્બરની જન્મ જયંતિની ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ હતી. દુનિયાને શાંતિનો સંદેશ આપનારા હઝરત મહંમત પયંગમ્બર સાહેબના જન્મ જયંતિ પર્વે ડીસામાં જાહેર નમાઝ અને ભવ્ય જુલુસ નીકાળવામાં આવ્યું હતું. આ જુલુસ શહેરના રાજપુર પોલીસ ચોકી, મીરાં મહોલ્લા, લેખરાજ ચાર રસ્તા, ડોલીવાસ રામજી મંદિર થઈ પરત રાજપુર ચાર રસ્તા બડપુરા થઈ હુસૈની મહેલ પરત ફર્યું હતું. આ જુલુસમાં તમામ મુસ્લિમ બિરાદરો હાથમાં લીલી ઝંડી સાથે ઈદ એ મિલાદ પર્વમાં જોડાયા હતા. ઉપરાંત જુલુસમાં ચાંદીના રથમાં સવાર સૈયદ અપ્સર બાવાનું સ્વાગત કરાયું હતું.

## તાંદલીયા ૬૬ કે.વી. સબ સ્ટેશનનું લોકાર્પણ

લક્ષ્મીપુરા, તા. ૧૫

ખેડબ્રહ્મા તાલુકામાં તાંદલીયા ખાતે ૬૬ કે.વી. સબ સ્ટેશન અંદાજે ૧ કરોડના ખર્ચે તૈયાર થયેલ છે. તેનો લોકાર્પણ કાર્યક્રમ તા. ૧૬-૧-૨૦૧૪ના રોજ રાજ્યના કેબીનેટ મંત્રીશ્રી ગણપતભાઈ વસાવાના હસ્તે દામાવાસ કંપા ખાતે હાઈસ્કૂલમાં યોજાશે. જેની તૈયારી રૂપે તલાટીશ્રી મનીષ પંચાલ અને ખેડબ્રહ્મા તાલુકાના કિસાન મોરચાના અધ્યક્ષશ્રી મોહનભાઈ પટેલ, હાઈસ્કૂલના સ્ટાફ તથા પ્રાથમિક શાળાના સ્ટાફ તૈયારીમાં વ્યસ્ત છે.

ઘણા લાંબા સમયથી ખેડબ્રહ્મા તાલુકાના કિસાન સંઘની મંત્રીશ્રી દિનેશ પી. પટેલની ઊર્જામંત્રીશ્રી સૌરભભાઈ પટેલને રજુઆતમાં પૂર્વ ધારાસભ્યશ્રી શ્રીમતિ રમીલાબેન બારાએ અથાગ પ્રયત્ન કરી મંજૂર કરાવેલ જે બદલ આ વિભાગના ખેડૂતો પ્રજા આભાર વ્યક્ત કરેલ છે. આ માટે યુ.કે. સરવૈયા સાહેબે ખુબ જ મદદ કરેલ છે.

## જીવનમાં એક ગુરૂ, એક મંત્ર અને એક નિષ્ઠા હોવી જોઈએ : અધ્યાત્માનંદજી

### રામનગર કંપામાં ઉત્તરાયણ નિમિત્તે ગાયો ચરાવવાનો કાર્યક્રમ તથા સત્સંગ સમારોહ યોજાયો

ખેડબ્રહ્મા તાલુકાના રામનગર કંપા ખાતે ઉત્તરાયણ નિમિત્તે મંગળવારે ગાયો ચરાવવાનો કાર્યક્રમ અને સત્સંગ સમારોહનું રાજંટા પરિવાર દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દિવ્ય જીવન સંઘ અમદાવાદના અધ્યક્ષ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે પોતાની આગવી શૈલીમાં શ્રોતાઓને મનનીય અમૃતવાણીનો લાભ આપ્યો હતો. રોજન્ટા પરિવારના મોભી પુંજાભાઈ પટેલના ચક્ષુ અને દેહદાનનું સ્મરણ કરાવી સ્વામી અધ્યાત્માનંદજીએ જણાવ્યું હતું કે મનુષ્યના જીવનમાં એક ગુરૂ, એક મંત્ર અને એક નિષ્ઠા હોવી જોઈએ. જેણે સ્મરણ સુધાર્યું તેનું મરણ સુધરે છે. સત્યનું એક જ નામ હોય છે જ્યારે અસત્ય ઘણાં હોય છે. પોતાનું અસ્તિત્વ છે ત્યાં સુધી અહંકારને છોડાય તો પરમતત્વને પામી શકાય છે. સમારોહના પ્રારંભમાં વક્તાભાઈ પી. પટેલે સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ-કબીર આશ્રમ વિરેશ્વરના તુલસીદાસ મહારાજ તથા ઉચીધનાલના હરીભાઈ ભગતનું સન્માન કર્યું હતું.



(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧